# ◄ REGULAR CIVIL SUIT No. 16/2023 ►

*[ Nasir Pirmahomad Khalifa v/s Nazim Pirmahomad Khalifa]*
*(PCJ -Vaso)*

| | |
|---|---|
| વાદીના વિ.વકીલશ્રી | પી.બી.બારોટ |
| પ્રતિવાદી ના વિ.વકીલશ્રી | એફ.જી.વોરા |

## વાદી તરફથી રજુ થયેલ આંક–૦૫ની મનાઈ હુકમ મેળવવાની અરજી તળે હુકમ

(૧)વાદી દ્રારા હાલનો દાવો લાવી નીચે મુજબ તકરારી મિલ્કત માટે દાખલ કરેલ છે જેને હવે ''***દાવાવાળી મિલ્કત***'' તરીખે ઓળખાશે.

***મોજે ગામ વસો તા. વસો ખાતે આવેલ સીટી સર્વ નંબર ૮૭ કે જેના ચો.મી ૫૧ વાળી મિલકત***

વાદીઓ હાલનો દાવો લાવી સાથે આંક–પની કામચલાઉ અરજી રજુ કરી જણાવેલ દાવાવાળી મિલકતમા વાદીનો કાયદેસરનો હકક હિત હિસ્સો હોઈ આ કામના પ્ર.વાદી જાતે કે તેમના નોકરો,એજન્ટો કે મળતીયા માણસો દાવાવાળી મિલકત અન્ય કોઈને વેચે વેચાવે નહી કે અન્ય કોઈને ગીરો,ટ્રાન્સફર,બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી કે સદરહુ જમીનો ઉપર બોજો કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવા તથા દાવાવાળી મિલકતમા પ્ર.વાદી કે તેમના માણસો કે નોકરો કે એજન્ટો વાદીને પ્રવેશ કરતા અટકાવે નહી કે હેલો હરકત કે અંતરાય કરે કરાવે નહી કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે.

(૨) વાદીની દાવાની ટુંકમા વિગત જોઈએતો આ કામના ગુજ. ખલીફા ગનીભાઈ કરીમભાઈ વાદીના સગા દાદા થાય છે અને પ્ર.વાદી સગા બહેન થાય છે. પ્ર.વાદીના દાદા ખલીફા ગનીભાઈ કરીમભાઈ તા. ૨૦/૦૩/૧૯૯૭ના રોજ ગુજરી ગયેલ. આ કામના વાદી તથા પ્ર.વાદી ગુજ. ખલીફા ગનીભાઈ કરીમભાઈના સધી લીટીના વારસદારો છીએ અને આ સિવાય ગુજરનારના બીજા કોઈ વારસો નથી. ગુજ. ખલીફભા ગનીભાઈ કરીમભાઈ મુસ્લિમ હતા અને બંને પક્ષકારો મુસ્લિમ છીએ અને અમોએ મોહમેડીયન લો લાગુ પડે છે.

વાદી તથા પ્ર.વાદીના દાદી અમીનાબેન તા. ૦૮/૦૪/૨૦૦૭ના રોજ ગુજરી ગયેલ  અને પિતા રી મહમદ ગનીભાઈ તા. ૨૩/૧૦/૧૯૭૮ના રોજ ગુજરી ગયેલ અને માતા તા. ૨૯/૦૫/૨૧ના રોજ ગુજરી ગયેલ અને હાલમા વાદી તથા પ્ર.વાદી હયાત વારસોમા છીએ અને પ્રોપર્ટી કાર્ડ તથા અન્ય રેકર્ડમા  વાદી તથા પ્ર.વાદીના નામ ચાલે છે.આ કામના પ્ર.વાદીને વાદી ગુજ.દાદાએ તેમની હયાતીમા વસાવલ દાવાવાળી મિલકતની અરસ નરસ વહેચણી કરી મુસ્લિમ શરીયત મુજબ વાદીના બે હિસ્સા અને પ્ર.વાદીનો એક હિસ્સો કરી આપવા જણાવ્યુ  ત્યારથી તથા શરૂઆતમા પ્રતિવાદી હિસ્સા કરવા સંમત થયેલા ત્યારથી અને ત્યારબાદ અન્ય લોકોની ચઢામણીથી હિસ્સા કરવાન પડે અને સમગ્ર મિલકત એકલા લઈ લેવા માટે અવનાવા બહાના કાઢી અમોને ધકક ખરવડાવતા હતા ત્યારથી તા. ૧૨/૭/૨૩ના રોજ રૂબરૂ મળેલા અને મિલકત શરીયત મુજબ ભાગ કરવાનુ જણાવતા અમને ગણકારેલ નહી જેથી હાલનો દાવો કરવાની જરૂરીયાત જણાતા નીચે મુજબની દાદ માંગેલ છે.

**(અ)** દાવાવાળી મિલકતમાં વાદીના હકક,હિસ્સે આવતી કાયદેસરની મુસ્લિમ શરીયત મુજબ હિસ્સા કરી વાદીને તથા આ કામના પ્ર.વાદી અરસ નરસ વહેચણી કરી આપી વાદીના બે તથા પ્ર.વાદીનો એક હિસ્સાનો હુકમ કરી આપવા મહે. કરશોજી અને જો પ્ર.વાદી આ રીતે વર્તન કરવા કસુર કરેતો નામ. કોર્ટ કમીશ્નરશ્રીની નિમણુક કરી વાદીના હિસસે આવતી બે હિસ્સા આપવા મહે. કરશોજી.

**(બ)** આ કામના પ્ર.વાદી સદરહુ દાવાવાળી મિલકત કોઈને વેચે વેચાવે નહી કે અન્ય કોઈને ગીરો, ટ્રાન્સફર,બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે સદરહુ જમીનો ઉપર બોજો કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવશોજી.

**(ક)** આપ નામદાર કોર્ટને યોગ્ય અને વાજબી લાગે તેવી હરકોઈ દાદ અપાવશોજી.

[1](ક)દાવાવાળી મિલકતમા વાદીનો કાયદેસરનો હકક હિત હિસ્સો આવેલો હોય દાવાવાળી મિલકતમા પ્ર.વાદી કે તેમના માણસો કે નોકરો કે એજન્ટો વાદીને પ્રવેશ કરતા અટકાવે નહી કે હેલો હરકત કે અંતરાય કરે કરાવે નહી.

(૩)આ કામના પ્રતિવાદી તેણીના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ અને આંક–૧૩થી જવાબ રજુ રાખેલ અને મુખ્યત્વે વાદીની દાવા અરજીન કરોલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે પ્ર.વાદીના પિતા પરીમહમદ ગનીભાઈ ખલીફનાઓની મોજે ગામ વસો તા.વસો જિ.ખેડા ખાતે આવેલ મિલકત જુની રહેણાંક મિલકત આવેલ છે અને આ મિલકતમા પ્ર.વાદી રહે છે અને વાદીના સગા બહેન થઈ છીએ. આ કામના વાદી તથા પ્ર.વાદીના પિતા ગુજ.પિતા પરીમહમદ ગનીભાઈ ખલીફાનાઓએ અમારી માતા જોહરાબાનુ સિવાય બીજી બે સ્ત્રીઓ સાથે લગ્ન કરેલા જે અનુક્રમે(૧) અનીયાબાનુ કે જેઓ આશરે ૫૬ વર્ષ પહેલા ગુજરી ગયેલ અને તેણી સાથેના લગ્ન જીવનથી એક પુત્ર નામે આશીક હુશૈનનો જન્મ થયેલ છે જે હાલ હયાત છે અને સાઉદી અરબ મુકામે રહે છે તેમજ એક(૨) મહેતાબબાનુ નામની સ્ત્રી સાથે લગ્ન કરેલા હતા અને સાથેના લગ્નથી એક પુત્રી નામે નસીમબાનુ પણ હયાત છે અને હાલ બહેરીન(સાઉદી અરબ) મુકામે રહે છે અને અમારા પિતાએ ઉપરોકત મહેતાબબાનુ છુટા છેડા લીધેલા અને હાલ મહેતાબબાનુ અન્ય જગ્યાએ લગ્ન કરી અમો પ્ર.વાદીની જાણ મુજબ પેટલાદ મુકામે રહે છે. ત્યારબાદ બાદ આમારા પિતાએ જોહરાબાનુ એટલે કે અમારા માતા સાથે કરેલા અને ૩ લગ્ન જીવનથી કાયદેસરના ચાર હયાત વારસદારો હોવા છતા ખોટી હકીકતો છુપાવી સોગંધનામુ કરેલા અને ફેરફાર નોંધ ન. ૫૪૬ તા. ૧૩/૧૦/૨૨ના રોજ પડાવી જે નોંધ સામે નડીયાદના પ્રાંત સાહેબ સમક્ષ ડિલે અરજી દાખલ કરેલી છે.આ કામના વાદીએ દાવાવાળી મિલકતમા પોતાનો ૨/૩ હિસ્સો મેળવવા માંગે છે પરંતુ હયાત વારસોને છુપારવી બે ભાગ મેળવવા ખોટો દાવો દાખલ કરેલ હોય જેથી દાવો રદ્દ કરવા અરજ છે.

1 Amedment vide Order On Ex-11

(૪)<u>પક્ષકારો તરફથી રજુઆત</u>:– પક્ષકારો તરફથી મૌખિક તેમજ લેખિત દલીલ રજુ થયેલ જે માનસહ ધ્યાને લીધી.

- વાદી તરફથી આંક– ૧૬થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જે માનસહ વંચાણે લીધી જેમા મુખ્યત્વે જણાવેલ છે કે પક્ષકારો ગુજ. ખલીફા ગનીભાઈ કરીમભાઈના કાયદેસરના વારસદારો છે અને મુસ્લિમ કાયદો બંને પક્ષકારોને લાગુ પડે છે.આ કામના દાવાવાળી મિલકતમા વાદી તથા પ્ર.વાદીઓના નામ ચાલે છે અને આ મિલકત વણ વહેચાયેલી સંયુકત મિલકત આવેલી છે.આ મિલકત મુસ્લિમ શરીયત મુજબ વહેચણી કરવા પ્ર.વાદી સંમત થઈ ગયેલ હતા અને તે મુજબ વાદીને બે હિસ્સા તથા પ્ર.વાદીના એક હિસ્સો મળે છે. આ કામના પ્ર.વાદી આ વહેચણી માટે ટાળી રહયા છે અને દાવાવાળી મિલકત અંગે વાદીનો કેસ પ્રથમ દર્શનીય છે અને બેલન્સ ઓફ કન્વીયન્સ પણ વાદીની તરફેણમા છે અને વાદીને કામચલાઉ મનાઈ હુકમ ન આપવમા આવે તો નાણામા ભરપાઈ ન થ શકે તેવુ નુકશાન થવાની શકયતા રહેલી છે જેથી વાદીની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

- પ્ર.વાદી તરફી આંક–૧૮થી લેખિત દલીલો રજુ થયેલ છે જેમા તેઓ જણાવે છે કે આ કામના વાદી તથા પ્ર.વાદીના પિતાને કુલ ૩ પત્નીઓ હતી અને તેમના વારસો હાલ જીવે છે.આ વારસદારોને હાલના દાવાના કામે છુપાવી ખોટુ સોગંધનામુ તથા દાવો દાખલ કરેલ છે.આ કામે વાદી દાવાવાળી મિલકતમા ૨/૩ હિસ્સો મેળવવા માંગે છે પરંતુ જરૂરી પક્ષકારોને જોડવામા આવેલ નથી.આ કામે વાદી વર્ષોથી આણંદ મુકામે રહે છે અને પ્ર.વાદી વર્ષોથી વસો મુકામે રહેતા આવેલ છે અને પ્ર.વાદી બાઈ માણસ હોય જેથી વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ માંગવામા આવેતો પ્ર.વાદીને નુકશાન

જવાની વધુ શકયતા રહેલી છે જેથી વાદીની હાલની અરજી ના –મંજુર કરવા અરજ કરેલ છે.

(૫)ઉપરોકત વાદીની દલીલો તથા પ્રતિવાદીઓના વાંધા–જવાબ ધ્યાને લેતા હાલની અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શુ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે? |
| (૨) | શુ અગવડતા–સગવડતાનુ પલ્લુ વાદીની તરફેણમા છે? |
| (૩) | શુ હાલની મનાઈઅરજી નામંજુર કરવામા આવેતો વાદીને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જવાની શકયતા છે? |
| (૪) | શુ હુકમ. |

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે

| | |
|---|---|
| (૧) | **હ કા ર માં** |
| (૨) | **ન કા ર માં** |
| (૩) | **ન કા ર માં** |
| (૪) | **આખરી હુકમ મુજબ.** |

(૭)આગળની ચર્ચા કરતા પહેલા આ કામે વાદી તરફથી પોતાની દાવા–અરજીના સમર્થનમા નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

| **માર્ક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|
| ૩/૧ | દાવાવાળી મિલકતના સીટી સર્વેની નકલ |
| ૩/૨ | દાવાવાળી મિલકતના આકારણી પત્રકની નકલ વર્ષ ૨૦૨૩–૨૪ |
| ૩/૩ | દાવાવાળી મિલકતના ગ્રામ પંચાયતો વેરો ભરેલાની પહોચ |
| ૩/૪ | ગુજ. ખલીફા ગનીભાઈ કરીમભાઈનુ પેઢીનામુ |
| ૩/૫ | વાદીના આધાર કાર્ડની નકલ |

પ્રતિવાદી તરફથી પોતાની દાવા–અરજીના સમર્થનમા નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

| માર્ક | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૧૪/૧ | ગુજ. ખલીફા ગનીભાઈ કરીમભાઈના પેઢીનામાની ઝેરોક્ષ નકલ |
| ૧૪/૨ | નસીમ પરીમહમદ ખલીફાના નીકાહનામાની નકલ |
| ૧૪/૩ | ખલીફા નસીમ શબ્બીરના ચુટણી કાર્ડની નકલ |
| ૧૪/૪ | ખલીફા નસીમના આધાર કાર્ડની નકલ |
| ૧૪/૫ | આશીકાહુશૈન પીર મહોમદ ખલીફાના વિઝાની નકલ |
| ૧૪/૬ | પ્ર.વાદી તરફથી વાદીને આપવમા આવેલ નોટિસની નકલ |
| ૧૪/૭ | પ્ર.વાદીને વાદી તરફથી આપેલ નોટિસની નકલ |
| ૧૪/૮ | પ્ર.વાદીએ નડીયાદના મહે. ના.કલેકટરમા કરેલ ડિલે અરજીની નકલ |
| ૧૪/૯ | ગુજ. હાજી ગનીભાઈ કરીમભાઈ ખલીફાના પેઢીનામાની નકલ |
| ૧૪/૧૦ | નાસીર હુશૈન પરીમહમદનો સીટી સર્વેયર રૂબરૂનો જવાબ |
| ૧૪/૧૧ | સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટની કોર્ટમા સીટીએસ/તકરાર કેસની નકલ |
| ૧૪/૧૨ | સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટની તકરારી કેસની નોટિસ |
| ૧૪/૧૩ | સી.ટી.એસ અપીલ ન. ૯૧/૦૯ના કામના ઠરાવની નકલ |
| ૧૪/૧૪ | રીમાન્ડ કેસન. ૧/૨૦૧૦ના કેસના ઠરાવની નકલ |
| ૧૭/૧ | વાદીએ પ્ર.વાદી વિરૂધ્ધ પો.સ્ટેશનમા આપેલ ફરિયાદની નકલ |
| ૧૭/૨ | વસો પો.સ્ટેશન તરફથી પ્ર.વાદીને પાઠવેલ જવાબની નકલ |

(૮) વાદી તરફથી રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા માર્ક–૩/૧થી દાવાવાળી મિલકતના સીટી સર્વે નંબર ૮૭ ક્ષેત્રફળ ૫૧ ચો.મી વાળી જમીનનુ મિલકત કાર્ડ રજુ રાખેલ છે જે વંચાણે લેતા તેમા ધારણકર્તા તરીકે વાદી તથા પ્ર.વાદીનુ નામ ચાલે છે.તેમજ માર્ક–૩/૨થી ગામ પંચાયત વસોના વેરાપાત્ર મકાનમા માલિક તરીકે નામ વાદી તથા પ્ર.વાદીનુ નામ ચાલે છે તેની નકલ રજુ રાખેલ છે.આમ, દાવાવાળી મિલકત વાદી તથા પ્ર.વાદીના નામની હોવાનુ પ્રથમદર્શનીય હોવાનુ જણાઈ આવે છે.આ કામના પ્ર.વાદી તરફથી વાદીએ ગુજ.

પરીમહમદને અન્ય ૨ પત્ની હોવાનો અને તેમના વારસોને જોડેલ નથી તે મુજબનો બચાવ લીધેલ છે.પ્ર.વાદી તરફથી માર્ક–૧૪/૫થી તથા માર્ક– ૧૪/૧૪થી રજુ થયેલ રીમાન્ડ કેસની નકલ મુકેલ છે જે વંચાણે લતા વાદીઓએ વારસા તરીકે વાદી તથા પ્ર.વાદી ઉપરાંત મહેસાબબીબી તથા આશીક હુસૈનને પણ વારસદાર તરીકે બતાવેલ છે પરંતુ વાદી તરફથી રજુ થયેલ માર્ક–૩/૧ થી રજુ થયેલ દાવાવાળી મિલકત અંગેના પ્રોપર્ટી કાર્ડ વંચાણે લેતા તેમા હાલ વાદી તથા પ્ર.વાદીનુ નામ ચાલે છે. વિશેષમા વાદી ગુજ. પીરમહમદ ખલીફાના વારસદાર હોવાનુ ખુદ પ્ર.વાદીએ પોતાના જવાબમા સ્વિકાર કરેલ છે.જેથી દાવાવાળી મિલકતમાં તેનો ભાગ હોવાનુ પ્રથમ દર્શનીય જણાઈ આવે છે હવે કેટલો ભાગ તેના ભાગે આવે છે અને ગુજ. પરીમહમદ ખલીફાને વાદી તથા પ્ર.વાદી ઉપરાંત અન્ય વારસદારો હતા કે કેમ? તે પક્ષકારોના પુરાવા લીધા બાદજ નકકી થઈ શકે તેમ છે. આમ, દાવાવાળી મિલકતમા વાદીનુ નામ છે જેથી વાદી પોતાનો કેસ પ્રથમદર્શનીય રીતે સાબિત કરે હોય જેથી મુદ્દા ન.૧નો જવાબ હકારમાં આપવામા આવે છે.

(૯) આ કામના વાદી તરફથી દલીલ કરવામાં આવેલ છે કે આ કામે પ્ર.વાદી દાવાવાળી મિલકતમા બોજો કે બક્ષીસ આપી દેશે તો વાદીને નાણામા ન ભરપાઈ થઈ શકે તવુ નુકશાન જવાની શકયતા છે અને વાદીને દાવાદુવીમા ઉતરવુ પડે તેમ છે. પરંતુ વાદી તરફથી રજુ થયેલ માર્ક–૩/૧થી દાવાવાળી મિલકતનુ પ્રોપર્ટી કાર્ડ ધ્યાને લેતા દાવાવાળી મિલકત વાદી તથા પ્ર.વાદીના નામે છે જેથી પ્ર.વાદી આ મિલકત વાદીની સંમતિ સિવાય વેચી શકે નહી જેથી વાદીની આ દલીલ માનસહ સ્વિકારવાપાત્ર નથી. વિશેષમા વાદીએ હાલની અરજીમાં દાદ માંગેલ છે કે દાવાવાળી મિલકતમા વાદીને પ્રવેશ કરતા પ્ર.વાદી અટકાવે નહી કે હેલો હરકત કે અંતરાય કરે કરાવે નહી તેઓ કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે. પ્ર.વાદી તરફથી દલીલ કરવામા આવેલ છે કે દાવાવાળી મિલકત એ ખુલ્લી જગ્યા

નથી પરંતુ મકાન છે અને પ્ર.વાદી તેમા વસવાટ કરે છે અને વાદી આણંદ મુકામે રહે છે અને પક્ષકારો વચ્ચે આ અગાઉ આ અંગે માથાકુટ થયેલી છે અને પ્ર.વાદી સ્ત્રી માણસ હોય અને ઝઘડો મોટુ સ્વરૂપ ધારણ કરેતો ઘર છોડવુ પડે જેથી વાદી કરતા પ્ર.વાદીની તરફેણમા બેલેન્સ ઓફ કન્વીનન્સ છે. આ કામે વાદીએ રજુ કરેલ સરનામા પુરસીસ વંચાણે લેતા તેઓ આણંદ મુકામે રહેતા હોવાનુ જાહેર કરેલ છે.આમ, પ્ર.વાદી દાવાવાળી મિલકતમાં રહેતા હોવાનુ જણાઈ આવે છે અને સ્ત્રી છે અને વાદીને જો કામચલાઉ મનાઈ હુકમ આપી વાદીને દાવાવાળી મિલકતમા જતા હેલો હરકત કરતા અટકાવે નહી તેવી દાદ મંજુર કરવામા આવે તો પક્ષકારો વચ્ચે બીજા લિટીગેશન ઉભા થવાની શકયતા રહેલી છે. તેમજ નામદાર પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટે બચનસિંઘ વિ. સ્વરૂનસિંઘ [2]ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા...

15. On a consideration of the judicial pronouncements on the subject, we are of the opinion that:

> (i) a co-owner who is not in possession of any part of the property is not entitled to seek an injunction against another co-owner who has been in exclusive possession of the common property unless any act of the person in possession of the property amounts to ouster, prejudicial or adverse to the interest of co-owner out of possession.
>
> (ii) Mere making of construction or improvement of, in the common property does not' amount to ouster.
>
> (iii) If by the act of the co-owner in possession the value or utility of the property is diminished, then a co-owner out of possession can certainly seek an injunction to' prevent the diminution of the value and utility of the property.
>
> (iv) If the acts of the co-owner in possession are detrimental to the interest of other co-owners, a co-owner out of possession can seek an injunction to prevent such act which, is detrimental to his interest.

<u>In all other cases, the remedy of the co-owner out of possession of the property is to seek partition, but not an injunction restraining the co-owner in possession from doing any act in exercise of his right to every inch of it which he is doing as a co-owner</u>.

આમ, આ કામે વાદી દ્રારા હાલની અરજી તળે જે દાદ માંગેલ છે જે ધ્યાને લેતા આ કામે દાવાવાળી મિલકત વાદી તથા પ્ર.વાદી બંનેના નામે છે તેમજ પ્ર.વાદી દ્રારા એવુ દાવાવાળી મિલકતની વેલ્યુ ઘટે તેવુ કોઈ કૃત્ય કરેલ હોય તેવુ કઈ રેકર્ડ ઉપર

2 2000(0)AIJ-PH 1600122

આવેલ નથી તેમજ વાદીને દાવાવાળી મિલકતમા પ્રવેશવા માટે કોઈ હેલો હરકત કરે તો પ્ર.વાદી સ્ત્રી બાઈ હોય અને આ મિલકતમા રહેતા હોય તો તેણીને વાદી કરતા વધુ અગવડત પડવાની થવાની શકયતા છે અને પક્ષકારો વચ્ચે બીજા લીટીગેશન ઉભા થવાની શકયતા રહેલી છે જેથી મુદ્દા ન. ર અને ૩નો જવાબ નકારમા આપી મુદ્દા ન.૪ પરત્વે નીચે મુજબ હુકમ ફરમાવવામા આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આ કામના વાદીની આંક–પની મનાઈઅરજી ના–મંજુર કરવામાં આવે છે.

(ર) અરજીનુ ખર્ચ દાવાના ખર્ચને અનુસરશે.

હુકમ આજ રોજ તા.ર૭મી, માહે– ફેબ્રુઆરી સન–ર૦રપના રોજ ખુલ્લી અદાલતમા વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.ર૭/૦ર/ર૦રપ
સ્થળ:વસો

(જીજ્ઞેશ હરીશભાઈ ભટ્ટ)
મુખ્ય સિવીલ જજ
વસો
**<u>કોડ ન. જીજે–૦૧૫૬૮</u>**